# ૬ સપ્ટેમ્બર –૨૦૧૬ (મંગળવાર)

**(૧) જી–૨૦ સમિટ :**

– વિશ્વના ૧૯ દેશ અને યુરોપિયન યુનિયનની બનેલ જી–૨૦ સમિટ તાજેતરમાં ચીનના હાન્ગઝોઉ શહેરમાં યોજાઈ.

– વાર્ષિક યોજાતી આ સમિટના મુખ્ય મુદ્દા આતંકવાદ આર્થિક ભ્રષ્ટાચાર તેમજ પરસ્પર સહયોગના હોય છે.

– ભારતનું પ્રતિનિધિત્વ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી જી–૨૦ સમિટમાં હાજર રહ્યાં હતા.

**(૨) વિક્રમશિલા ડોલ્ફિન અભ્યારણ્ય :**

– ભારતનું એકમાત્ર ડોલ્ફિન અભ્યારણ્ય

– વર્ષ ૧૯૯૧માં દુર્લભ ડોલ્ફિનોના સંરક્ષણ માટે બિહારમાં ગંગા નદી પર ભાગલપુર જિલ્લાના વિસ્તારને અભ્યારણ્ય જાહેર કરવામાં આવ્યું હતું.

– સેંકડો વર્ષો પહેલા એ સ્થળ પર વિક્રમશિલા નામની પ્રાચિન વિદ્યાપીઠ હતી એટલે અભ્યારણ્યને તેનું નામ આપવામાં આવ્યું છે.

(૩) બ્રાઝિલ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશીપ :

– ભારતની મિક્સ ડબલ્સની જોડી એન. સિક્કી રેડ્ડી અને પ્રણવ જેર ચોપડાએ બ્રાઝિલ ઓપન બેડમિન્ટની મીક્સ ડબલ્સની ચેમ્પિયનશીપ પોતાના નામે કરી.

– ફાઇનલમાં આ જોડીએ કેનેડાના તોલી એનજી અને રાચેલ હોન્જડરિચને પરાજય આપ્યો હતો.

– ભારતીય બેડમિન્ટન ખેલાડી આનંદ પવાર પુરૂષ સિંગલસની ફાઇનલમાં પહોંચતા રનર્સઅપ રહ્યાં હતા.

– ફાઇનલમાં તેનો મલેશિયાના ઝુલફલદી ઝુલકિફ્લી સામે પરાજય આપ્યો હતો.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં જી–૨૦ સમિટ ક્યાં યોજાઇ ?

– હાન્ગઝોવ, ચીન

(૨) ભારતના એકમાત્ર ડોલ્ફિન અભ્યારણ્યનું નામ જણાવો.

– વિક્રમશિલા ડોલ્ફિન અભ્યારણ્ય

(૩) ક્યાં વર્ષમાં ભારતનું એકમાત્ર ડોલ્ફિન અભ્યારણ્ય અસ્તિત્વમાં આવ્યું ?

– ૧૯૯૧

(૪) ક્યાં રાજ્યમાં ભારતનું એકમાત્ર ડોલ્ફિન અભ્યારણ્ય આવેલું છે ?

– બિહાર

(૫) ભારતના આનંદ પવાર કઇ રમત સાથે સંકળાયેલ છે ?

– બેડમિન્ટન

(૬) તાજેતરમાં બ્રાઝિલ ઓપન બેડમિન્ટની મીક્સ ડબલ્સમાં કઇ ભારતીય જોડી ચેમ્પિયન બની ?

– એન. સિક્કી રેડ્ડી અને પ્રણવ જેરી ચોપડા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧